# –: જાહેરનામુ :–

## ભારતીય નાગરીક સુરક્ષા સહિતા–૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે કાઢેલ હુકમઃ–

ક્રમાંકઃજી/સીપી/ડીસીપી–ક્રાઈમ /જાહેરનામું/ ૭૪૦ / ૨૦૨૫
નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચની કચેરી,
વડોદરા શહેર. તા.૦૫/ ૦૫/૨૦૨૫

વડોદરા શહેરમાં શાંતિ અને સલામતિ જાળવવા અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજયમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી, વડોદરામાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બિનજરૂરી કારણવગર આડેધડ પોતાના હથિયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે. તેમજ જે સ્થળે આવા સિકયુરીટીગાર્ડ ફરજ બજાવતા ત્યારે ફરજ દરમ્યાનમાં કારખાના માલિક નો વિશ્વાસ કેળવી, કારખાનામાંથી ચોરી, લૂંટ વિગેરે પ્રકારના મિલ્કત સંબંધી ગંભીર ગુનાઓ આચરેલ છે. આવા પરપ્રાંતિય હથિયાર ધારક બનાવટી લાયસન્સથી હથિયારો મેળવી સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે.જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવાનાં હેતુથી,

વાસ્તે હું નરસિમ્હા કોમાર, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ગુજરાત સરકાર ગૃહવિભાગના તા.૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/ સી.આર.સી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૭/૧/૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફકઅ/૦૮૮/૬૭૫૦/મ. અન્વયે તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ હુકમ કરૂ છુ કે,

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ખાનગી સિકયુરીટી કંપની ચલાવતાં સંચાલકો એ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગત જે તે વિસ્તારના પો.સ્ટે.માં આપવાની રહેશે. પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યે થી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાયસન્સ જે તે સિકયુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગેરે સ્થળોના માલિકોએ રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

**મુદ્દા નં. ૧ ની માહીતી નીચે દર્શાવેલ કોલમવાઈઝ આપવાની રહેશે.**

| અ. નં. | સિકયુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ, સરનામુ તથા ટેલીફોન નંબર | પર પ્રાંતિય સિકયુરીટી ગાર્ડ હથિયારી/ બિન હથિયારીના નામ તથા વતનનું સરનામું, સબંધકર્તા, પો.સ્ટે.નું નામ, હાલનું સરનામુ ટેલી.નંબર | સિકયુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલી. નંબર | નોકરી એ રાખ્યા ની તારીખ | કોના રેફરન્સ પરીચય થી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામુ | હથિયારી તથા ગનમેનના લાયસન્સ ની વિગત તથા ગનની વિગત | લાયસન્સ ની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ | સિકયુરીટી ગાર્ડ નો ફોટો તથા પી.સી.સી સ્થાનીક તથા વતનનું |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |

આ હુકમનો અમલ તા.૦૩/૫/૨૦૨૫નાં ક.૦૦/૦૦ થી તા.૦૧/૭/૨૦૨૫ના ક.૨૪/૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતીય ન્યાય સહિતા–૨૦૨૩ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તમામને વ્યકિતગત રીતે નોટીસ ની બજવણી–કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ હુકમની નકલ ––

(પાછળ) ...

ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૦૨/૦૪/૨૦૨૫નાંરોજ મારી સહી સિકકો કરી આપેલ છે.

(નરસિમ્હા કોમાર)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર,
વડોદરા.

પ્રતિ,
(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડ સ્પીકર દ્વારા જાહેરાત કરાવવા સારૂ..)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ.
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી, જાણ તથા વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધી સારૂ.
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

<u>જયભારતસહ નકલ રવાના :-</u>
(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) અધિક પોલીસ કમિશ્નરશ્રી, 'ક્રાઈમ અને ટ્રાફીક', વડોદરા શહેર, વડોદરા.
(૬) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી , વડોદરા રેન્જ, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા. સોલારોડ અમદાવાદ.
(૮) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા
(૯) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૦) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ મેજી.શ્રી, કોર્ટ, વડોદરા.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી. શ્રી કોર્ટ, વડોદરા.
(૧૨) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પો.ઈન્સ.શ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.
(૧૬) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૭) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ, વડોદરા. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારુ).
(૧૮) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.) વડોદરા રીજીયન વડોદરા.
(૧૯) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૨૦) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૧) સંયુકત માહિતી નિયામકશ્રી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાનપત્રો તેમજ ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધી કરવા વિનંતી સહ.**